દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૧૫ મે, ૨૦૨૬

હંટાવાયરસના વૈશ્વિક રોગચાળાનો ભય ચિંતા કરાવવા માંડ્યો

એપ્રિલ અને મે ૨૦૨૬ દરમિયાન ડચ ધ્વજ ધરાવતા વૈભવશાળી સહેલાણી જહાજર પર અચાનક હંટાવાયરસનો રોગચાળો ફાટી નિકળ્યો. આ જહાજ આર્જેન્ટિનાથી કેપ વર્ડે અને ત્યારબાદ કેનેરી આઇલેન્ડ્સ તરફની મુસાફરી પર હતું. ધનવાન પર્યટકો તેમાં સહેલગાહે નિકળ્યા હતા અને મોટી મુશ્કેલીમાં ફસાઇ ગયા. બીજી મે ૨૦૨૬ના રોજ, આ ક્રૂઝ શિપ પર ગંભીર શ્વસન સંબંધી બીમારી ધરાવતા મુસાફરોનો એક સમૂહ મળી આવતા વિશ્વ આરોગ્ય સંસ્થા(WHO) ને જાણ કરવામાં આવી હતી. તે સમયે, શિપ ઓપરેટરના જણાવ્યા અનુસાર, ૧૪૭ મુસાફરો અને ક્રૂ સભ્યો જહાજ પર હતા, અને ૩૪ મુસાફરો તેમજ કર્મચારીઓ અગાઉ ઉતરી ગયા હતા. ૪ મે ના રોજ પ્રકાશિત થયેલા છેલ્લા 'ડિસીઝ આઉટબ્રેક ન્યૂઝ' પછી, શંકાસ્પદ કેસોમાંથી ત્રણની પુષ્ટિ થઈ હતી, અને વધુ એક પુષ્ટિ થયેલ કેસ નોંધાયો હતો. ૮ મે સુધીમાં, ત્રણ મૃત્યુ (કેસ મૃત્યુદર ૩૮%) સહિત કુલ આઠ કેસ નોંધાયા છે. છ કેસ લેબોરેટરીમાં હન્ટાવાયરસ ચેપ તરીકે પુષ્ટિ પામ્યા છે, જે તમામ 'એન્ડીઝ વાયરસ' તરીકે ઓળખાયા છે. આ જહાજને પહેલા તો સાઉથ આફ્રિકા નજીક થોભાવવામાં આવ્યું અને બિમાર મુસાફરોને હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા. ત્યારબાદ આ જહાજ આગળ વધ્યું અને તેને સ્પેનના કેનેરી ટાપુઓના ટેનેરિફ પર થોભાવવામાં આવ્યું અને હુના વડાની સીધી દેખરેખ હેઠળ આ જહાજ ખાલી કરાવવામાં આવ્યું. આ જહાજ પર ૨૦ જેટલા દેશોના પર્યટકો હતા અને જુદા જુદા દેશોએ ખાસ વિમાનો મોકલીને પોતાના નાગરિકોને બોલાવી લીધા. હવે આ પર્યટકોને ચોક્કસ મુદ્દત સુધી પોતાના દેશમાં ક્વોરેન્ટાઇન કે એકાંતવાસમાં રાખવામાં આવશે. પરંતુ આ પ્રકરણે દુનિયામાં આનો રોગચાળો ફેલાવાનો ભય ઉભો કરી દીધો છે. કેટલાક પર્યટકો આ જહાજ પર રોગાચાળો જાહેર થતા પહેલા જ ઉતરી ગયા હતા તેઓ ચિંતાનો વિષય છે. કારણ કે તેઓ ચેપગ્રસ્ત હોય તો પોતાના વિસ્તારોમાં બીજાઓને ચેપ લગાડે તેવો ભય છે. આ માટે તેમના સંપર્ક ટ્રેસિંગની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ઇન્ટરનેશનલ હેલ્થ રેગ્યુલેશન્સ (IHR) ૨૦૦૫ માધ્યમ દ્વારા, તમામ નેશનલ IHR ફોકલ પોઇન્ટ્સ (NFPs) ને જાણ કરવામાં આવી છે અને તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે સંપર્ક ટ્રેસિંગમાં સહાય કરી રહ્યા છે. WHO આ ઘટના દ્વારા વૈશ્વિક વસ્તી માટેના જોખમનું મૂલ્યાંકન 'ઓછું' ગણે છે અને રોગચાળાની સ્થિતિ પર નજર રાખવાનું તેમજ જોખમ મૂલ્યાંકનને અપડેટ કરવાનું ચાલુ રાખશે. જહાજ પરના મુસાફરો અને ક્રૂ માટે જોખમ 'મધ્યમ' માનવામાં આવે છે.

યુરોપ અને એશિયામાં જોવા મળતા હન્ટાવાયરસ હેમરેજિક ફીવર વિથ રીનલ સિન્ડ્રોમ (HFRS) પેદા કરવા માટે જાણીતા છે, જે મુખ્યત્વે કિડની અને રક્તવાહિનીઓને અસર કરે છે. વિશ્વના આ ભાગમાં માનવ-થી-માનવ સંક્રમણના પુરાવા મળ્યા નથી. માનવીમાં હન્ટાવાયરસ સંક્રમણ મુખ્યત્વે ચેપગ્રસ્ત ઉંદરોના પેશાબ, મળ અથવા લાળના સંપર્ક દ્વારા અથવા દૂષિત સપાટીઓને સ્પર્શ કરવાથી થાય છે. આ સંસર્ગ સામાન્ય રીતે ઉંદરોનો ઉપદ્રવ ધરાવતી ઇમારતોની સફાઈ દરમિયાન થાય છે, જોકે ભારે ઉપદ્રવવાળા વિસ્તારોમાં સામાન્ય પ્રવૃત્તિઓ દરમિયાન પણ તે થઈ શકે છે. માનવ કેસો મોટે ભાગે ગ્રામીણ વિસ્તારો જેવા કે જંગલો, ખેતરો અને વાડીઓમાં નોંધાય છે, જ્યાં ઉંદરોની હાજરી વધુ હોય છે અને ચેપ લાગવાની શક્યતા વધારે હોય છે. HPS ના લક્ષણોમાં માથાનો દુખાવો, ચક્કર આવવા, ઠંડી લાગવી, તાવ, સ્નાયુઓનો દુખાવો અને ગેસ્ટ્રોઇન્ટેસ્ટાઇનલ સમસ્યાઓ જેવી કે ઉબકા, ઉલટી, ઝાડા અને પેટનો દુખાવો સામેલ છે, જેના પછી અચાનક શ્વાસ લેવામાં તકલીફ અને લો બ્લડ પ્રેશરની સમસ્યા ઊભી થાય છે. HPS ના લક્ષણો સામાન્ય રીતે વાયરસના સંપર્કમાં આવ્યાના ૧ થી ૬ અઠવાડિયા પછી દેખાય છે, જોકે તે ૧ થી ૮ અઠવાડિયાના સમયગાળા દરમિયાન ગમે ત્યારે દેખાઈ શકે છે. વૈશ્વિક સ્તરે હન્ટાવાયરસ સંક્રમણ પ્રમાણમાં ઓછું જોવા મળે છે. ૨૦૨૫ માં, અમેરિકાના ક્ષેત્રમાં આઠ દેશોએ ૨૨૯ કેસ અને ૫૯ મૃત્યુ નોંધાવ્યા હતા, જેનો મૃત્યુદર ૨૫.૭% હતો. યુરોપિયન ક્ષેત્રમાં ૨૦૨૩ માં ૧૮૮૫ હન્ટાવાયરસ કેસ નોંધાયા હતા, જે ૨૦૧૯ થી ૨૦૨૩ વચ્ચેનો સૌથી નીચો દર હતો. પૂર્વ એશિયામાં, ખાસ કરીને ચીન અને કોરિયામાં, હજુ પણ વાર્ષિક હજારો કેસ નોંધાય છે, જો કે છેલ્લા દાયકાઓમાં તેમાં ઘટાડો થયો છે. એશિયા અને યુરોપમાં આ રોગનો મૃત્યુદર ૧% થી ૧૫%ની વચ્ચે છે, જ્યારે અમેરિકામાં તે ૫૦% સુધી હોઈ શકે છે. હાલમાં આ માટે કોઈ માન્ય સારવાર કે રસી ઉપલબ્ધ નથી, પરંતુ વહેલી તકે મળેલી સઘન સારવાર અને આધુનિક ICU સુવિધા દર્દીના બચવાની શક્યતામાં સુધારો કરી શકે છે.

અત્યારે દુનિયા માંડ કોવિડના રોગચાળામાંથી બહાર નિકળીને થોડી સ્થિર થઇ છે. તેને યુદ્ધો અને સંઘર્ષો તો પરેશાન કરી જ રહ્યા છે ત્યાં હવે હંટાવાયરસનો રોગચાળો ફાટવાનો ભય તેને બીવડાવવા માંડ્યો છે. WHOએ જો કે ધરપત આપી છે કે આ જહાજના પર્યટકોમાંથી રોગચાળો ફેલાવાનું બહુ જોખમ નથી. છતાં કેટલુંક સંક્રમણ માણસમાંથી માણસમાં થયું છે તે થોડી ચિંતાજનક બાબત છે. આશા રાખીએ કે આ સંક્રમણ બિલકુલ અપવાદરૂપ જ હોય અને હવે માણસથી માણસમાં આ રોગના સંક્રમણની કોઇ ઘટના નહીં બને.

વૃદ્ધ માણસની ખુશીનું રહસ્ય

ગામના છેવાડે એક નાનકડા ઘરમાં રામજીભાઈ રહેતા – ૮૦ વર્ષના વૃદ્ધ પણ ટટ્ટાર ચાલે તેવા સ્વસ્થ, આમ સાવ એકલા, પણ હંમેશાં હસતાં અને બધાને પોતાના ગણતા.ઘરના ઓટલે બેસી આવતાં જતાંને રામ રામ કહેતા, થાક્યાને પાણી આપતા, કૂતરાને રોટલી ખવડાવતા, ક્યારેક ઓટલે જ જૂના મિત્ર સાથે વાતો કરતા અને હસતાં હસાવતાં રહેતાં. ગામના લોકોને રામજીભાઈને હંમેશા ખુશ જોઇને નવાઈ લાગતી કે આ ડોસાને કોઈ ચિંતા નથી, કોઈ દુઃખ નથી, પત્ની સાથ છોડી ગઈ, બંને દીકરા શહેરમાં જતા રહ્યા. હવે પાછું વાળી જોતા પણ નથી.ખેતર અને મોટું ઘર પણ વેચીને અહીં નાના ઘરમાં એકલા ખુશીથી રહે છે. એક દિવસ એક યુવાને પૂછ્યું, ''રામજીભાઈ, તમારી ખુશીનું રહસ્ય શું?'' રામજીભાઈ બોલ્યા, ''એક ક્ષણ જીવવું'.' યુવાનને કંઈ સમજાયું નહિ. તેણે કહ્યું, ''એટલે શું?'' યુવાનને ઓટલે બેસવાનું કહીને રામજીભાઈ હસીને ઊઠ્યા, ઘરમાં ગયા, ચા બનાવી – બે કપ ચા લઈને આવ્યા અને એક કપ યુવાનને આપ્યો, એક પોતે લીધો અને ઓટલા પર પોતાના સ્થાને બેસી ધીરા અવાજે બોલ્યા, ''યુવાન દોસ્ત, મેં જિંદગીમાં ઘણું ગુમાવ્યું છે. પત્ની ગઈ. સ્વર્ગમાં મારી રાહ જોતી હશે, દીકરાઓ મને એકલો મૂકી શહેર ચાલ્યા ગયા પણ ત્યાં સુખી છે, ખેતર અને ઘર મેં વેચી નાંખ્યાં, ખેતી ગઈ પણ ગુજરાન ચાલે છે એટલા પૈસા મળ્યા અને જીવનના આ બધા અનુભવ પરથી હું એક વાત ચોક્કસ સમજી ગયો – ભૂતકાળ ફોટો છે, ભવિષ્ય કલ્પના છે, વર્તમાન જ સત્ય છે. જે ક્ષણ સામે છે તે જ સાચી છે અને તે જ ક્ષણને મન ભરીને જીવો.'' યુવાન ચુપચાપ તેમની વાત સાંભળતો રહ્યો.રામજીભાઈ આગળ બોલ્યા, ''યુવાન દોસ્ત, મારો નિયમ છે, દરરોજ સૂર્ય ઊગે ત્યારે હું રોજ સવારે પોતાને જ પૂછું કે આજે એક સારું કામ કરીશ? કોઈને પાણી આપીશ કે ચા પીવડાવીશ, કોઈને ફૂલ આપીશ, સ્મિત આપીશ, કોઈને મદદ કરીશ?'' બસ, આ એક સવાલ જાતને પૂછી લઈને પછી હું મારી આ ચા, આ ઓટલો, આ એક ક્ષણ, એક નાનકડું સારું કામ અને એક ખુશી મેળવી ખુશખુશાલ રહું છું.'' રામજીભાઈએ ખુશીનું રહસ્ય સમજાવ્યું.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

પ્રધાનમંત્રીની વિદેશી ખર્ચ ઘટાડવાની અપીલ અને એના વિરોધાભાસ

આમ જનતાને જોગ પ્રધાનમંત્રીએ અપીલ કરી કે જે ચીજવસ્તુઓ આયાત કરીએ છીએ એની ખરીદી ઘટાડો. ઈરાન સામેનું અમેરિકી યુદ્ધ ક્યારે અને કેવી રીતે પૂરું થશે એ છેડો દેખાઈ નથી રહ્યો. પરિણામે સર્જાયેલી અનિર્ણાયક પરિસ્થિતિમાં ખનિજ તેલના વધેલા ભાવે તેમજ ભારતમાંથી બહાર જઈ રહેલી વિદેશી મૂડીએ રૂપિયાની કિંમત ડૉલર સામે ઐતિહાસિક નીચી સપાટી મૂકી દીધી છે. આજે રૂપિયાનો વિનિમય દર ૯૫ની સપાટી વટાવી ચૂક્યો છે. પ્રશ્ન તો ગંભીર છે, કારણ કે રૂપિયાના અવમૂલ્યન સાથે વિદેશી હૂંડિયામણ ઝડપથી ઘટી રહ્યું છે જે ભારતના અર્થતંત્રમાં અસ્થિરતા લાવી શકે છે. એટલે જ ડૉલરની માંગ ઓછી કરવા પ્રધાનમંત્રીએ સામાન્ય નાગરિકોને પેટ્રોલ, સોના અને વિદેશ પ્રવાસ જેવા ખર્ચમાં શક્ય હોય તેટલો ઘટાડો કરવાની અપીલ કરી.

સંકટના આ સમયે ડૉલરની માંગ ઘટાડવાના પ્રયત્નો દેશહિતમાં જરૂર લાગે, પણ વડાપ્રધાનની અપીલ નૈતિક ધોરણે જરા નબળી પડી અને સમય પણ જરા ખોટો પડ્યો. એપ્રિલ મહિનામાં ચૂંટણી પ્રચાર માટે થયેલા બેફામ ખર્ચમાં દેશપ્રેમની સામે ચૂંટણી જીતવાની લગન વધુ મહત્ત્વની સાબિત થઈ. કારણ કે, રૂપિયાના અવમૂલ્યનની પાડનાર માઠી અસરનો ભય નવો નથી. ભારત પોતાની જરૂરિયાતનું મોટા ભાગનું ખનિજ તેલ આયાત કરે છે અને તેની ચુકવણી ડૉલરમાં કરે છે, એટલે તેલના ભાવ વધવાની સાથે ડૉલરની માંગ વધવાની અને સામે રૂપિયાનું અવમૂલ્યન થવાનું જ હતું. મોટા પાયે હેલિકોપ્ટર, વાહનોના કાફલા, રોડ શો, વિશાળ સભાઓ અને વ્યાપક પ્રચાર પર ભારે ખર્ચ કરવામાં આવ્યો. એટલું જ નહીં ૧૦મી મે ના રોજ અપીલ કર્યા પછી બીજે જ દિવસે - ૧૧મી મે ના રોજ સોમનાથમાં રોડ શો પણ થયો અને એર શો પણ થયો! ઉપરાંત આગામી દિવસોમાં પ્રધાનમંત્રીના પાંચ દેશોના વિદેશ પ્રવાસની જાહેરાત પણ થઈ! રૂપિયાની

કહેવાની વાત

નેહા શાહ

> **સંકટના આ સમયે ડૉલરની માંગ ઘટાડવાના પ્રયત્નો દેશહિતમાં જરૂર લાગે, પણ વડાપ્રધાનની અપીલ નૈતિક ધોરણે જરા નબળી પડી અને સમય પણ જરા ખોટો પડ્યો**

સ્થિતિ ખરેખર ચિંતાજનક હોય, તો પ્રથમ સંયમ રાજકીય નેતૃત્વે જ દાખવવો જોઈએ. રાજકીય નેતૃત્વ જ સંયમ દાખવવાનું ચૂકી ગયું, તો પછી સામાન્ય નાગરિક, જે આમ પણ રૂપિયે રૂપિયો બચાવીને જીવતો હોય છે એની પાસે સંયમની અપેક્ષા કેમની રખાય? એટલે જ તેમની અપીલની નૈતિક આધાર પર ભારે ટીકા થઈ રહી છે.

આ સિવાય બજારના તર્કમાંથી ઊભા થતા વિરોધાભાસને પણ સમજવા પડશે. સંકટ ટાળવા ડૉલરની માંગ ઘટાડવાની સાથે રૂપિયાની માંગ જાળવી રાખવી પણ જરૂરી છે. રૂપિયાની માંગ સાથે વિદેશી હૂંડિયામણ આવે છે, જેના મુખ્ય બે સ્રોત છે - એક, આયાતમાંથી કમાયેલા પૈસા, જેનું પ્રમાણ ભારતમાં ખૂબ ઓછું છે અને બીજું, વિદેશી મૂડીરોકાણ, જેણે પાછલા બે દાયકામાં ભારતની આર્થિક વૃદ્ધિ માટે મહત્ત્વના ઈંધણનું કામ કર્યું છે. બજારનું ચાલક બળ છે માંગ. ભારતની સસ્તી શ્રમશક્તિ ઉપરાંત વધતી માંગને પારખીને જ વિદેશી મૂડી ભારતમાં આવે છે. જો લોકો આયાતી વસ્તુઓ જેમ કે પેટ્રોલ, સોનું અથવા વિદેશ પ્રવાસમાં મોટા પ્રમાણમાં ઘટાડો કરે, તો આયાત ઘટશે, પરંતુ સાથે એની સાથે જોડાયેલી અનેક આર્થિક પ્રવૃત્તિ પણ ધીમી પડી શકે છે. વપરાશમાં ઘટાડો થતાં વેપાર અને ઉદ્યોગોને નુકસાન થઈ શકે છે જે આર્થિક વૃદ્ધિ ધીમી પાડી શકે છે. રોકાણકારો તો જ્યાં આર્થિક વૃદ્ધિ દેખાય ત્યાં જ જવાના એટલે જો વિદેશી રોકાણકારો આર્થિક માંગમાં ઘટાડો જોશે, તો તેઓ ભારતમાંથી મૂડી બહાર લઈ જઈ શકે છે, જે રૂપિયાને વધુ નબળો બનાવી શકે છે. ભારત જેવા દેશો માટે તો કોઈ પણ નીતિ અપનાવો એનાથી આદર્શ ઉપાય નથી મળવાનો. વળી, પેટ્રોલ, સોનું કે વિદેશ યાત્રાના ઘટાડાની અપીલ કોને માટે છે? દેશના ટોચના દસ ટકા ધનિકોને દેશના હિત માટે પણ આવા કોઈ પણ ખર્ચ ઘટાડાની અપીલ અસર કરશે ખરી?

ભારત જેવા દેશો હવે વૈશ્વિક વેપાર અને નાણાંકીય વ્યવસ્થાઓ ડૉલર આધારિત વેપાર સાથે એટલા જોડાઈ ગયાં છે કે આપણી આર્થિક સ્થિરતા માત્ર સ્થાનિક ઉત્પાદન અથવા નીતિઓ પર આધારિત રહી નથી. ખનિજ તેલના ભાવમાં વધારો, યુદ્ધ જેવી પરિસ્થિતિઓ, આંતરરાષ્ટ્રીય વ્યાજદરમાં ફેરફાર અથવા પશ્ચિમી દેશોની નીતિઓ જેવી બાહ્ય આંચકા ભારતની અર્થવ્યવસ્થાને ઊંડી અસર કરી શકે છે, જેનો કોઈ સીધો ઉપાય આપણી પાસે નથી. આયાતી વસ્તુનો વપરાશ ઘટાડવાથી 'સ્વદેશી' અપનાવ્યાનો દેશપ્રેમ જરૂર જાગૃત થશે પરંતુ તે વૈશ્વિકીકરણથી ઊભી થયેલી મૂળભૂત આર્થિક નિર્ભરતાનું સમાધાન નથી. આખી પરિસ્થિતિ એકથી વધુ વિરોધાભાસ દર્શાવે છે. સૌ પ્રથમ તો રાજકીય નેતૃત્વના આચાર અને વિચાર વચ્ચેનો આંખે ઊડીને વળગે એવો વિરોધાભાસ. આ ઉપરાંત વૈશ્વિકીકરણની વ્યવસ્થાનો વિરોધાભાસ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

ગુજરાતનાં યુવાનો નોકરીની રાહમાં ઘરડાં થઈ રહ્યાં છે અને આપણે સાવ ચૂપ છીએ

થોડાં વર્ષો પહેલાંની વાત છે. ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ઉનાળો આવતા જ પાણીની ભયંકર તંગી ઊભી થતી હતી. ખેતીની વાત તો દૂર ઘર વપરાશ માટે અને પીવા માટેનાં પાણી માટે પણ લોકો હેરાન થતાં. ઉનાળામાં ગૃહિણીઓની હાલત દયાજનક બનતી. આ સ્થિતિ જોઈ કોઈ નિસ્બત ધરાવતા નેતાએ અધિકારીઓને કાયમી પાણીની વ્યવસ્થા ના થાય ત્યાં સુધી કમસેકમ ઘર વપરાશ અને પીવાનાં પાણીની વ્યવસ્થા કરવા જણાવ્યું. ખાસ તો ઉનાળામાં આ વ્યવસ્થા કરવા તાકીદ કરી એટલે અધિકારીઓ અને નેતાઓએ હંગામી વ્યવસ્થાના ભાગ સ્વરૂપ ટેન્કરથી પાણી પહોંચાડવાનું નક્કી કર્યું. ટેન્કરથી ગામમાં પાણી પહોંચવા લાગ્યું. લોકોને ગમ્યું પણ ખરું.. ગામવિસ્તારનાં માથા ભારે તત્ત્વો સ્થાપિત હિતોના ઘરે પણ સરકારી ટેન્કરથી પાણી પહોંચવા લાગ્યું. ગામની સંખ્યા વધી. મહિના વધ્યા એટલે ટેન્કરની સંખ્યા પણ વધવા લાગી. ટેન્કરના કોન્ટ્રાક્ટ અપાવા લાગ્યા. વાસ્તવમાં અપાયેલા ટેન્કર અને સરકારમાં બતાવવાના ટેન્કરની સંખ્યા વધવા લાગી. ટેન્કરનાં બીલો મોટાં થવા લાગ્યાં. હવે નેતાઓ અને અધિકારીઓનાં સગાવહાલા ટેન્કરના કોન્ટ્રાક્ટ લઈ લાખો કમાવા લાગ્યાં અને પરિણામ એ આવ્યું કે હવે આ ટેન્કરથી પાણી પૂરું પાડનારા જ આ વિસ્તારમાં પાણીની વ્યવસ્થા ના થાય અને ટેન્કરરાજ ચાલુ રહે તે વિચારવા લાગ્યા. આ ટેન્કરરાજની યાદ આજે એટલા માટે આવી કારણ કે બરાબર આવું જ ગુજરાતમાં હવે જાહેર અને સામુહિક સેવાના ક્ષેત્રમાં થયું છે. હવે ટેન્કરનું સ્થાન આઉટ સોર્સિંગ અને કોન્ટ્રાક્ટ પ્રથાએ લીધું છે અને આ આઉટ સોર્સિંગની એજન્સીઓ, કોન્ટ્રાક્ટ મેળવનારાં લોકો જ ઈચ્છે છે કે સરકાર કાયમી ઢોરને ભરતી ના કરે અને યુવાનો આ રીતે જ કોન્ટ્રાક્ટ પ્રથામાં સબડે. શોષણ થયા કરે. સરકારમાં અમારાં મોટાં બિલ પાસ થયાં કરે અને અમે નજીવા દરે યુવાનોનું શોષણ કર્યા કરીએ.

ગુજરાતમાં બીજા અને ત્રીજા વર્ગનાં કર્મચારીઓની લાખો જગ્યાઓ ખાલી છે. સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓ, દવાખાનાંઓ, યુનિવર્સિટીઓ ક્યાંય પણ તમે જોશો તો સફાઈ કામદારો, પટાવાળાઓ, ચોકીદારો, ડેટા એન્ટ્રી કરનારાંઓ દવાખાનામાં નર્સ, કમ્પાઉન્ડર કોઈ પણ જગ્યાએ સરકાર ભરતી કરવાને બદલે આઉટ સોર્સિંગથી ચલાવે છે.

ગુજરાતમાં થોડાં વર્ષો પહેલાં ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓની લાખો જગ્યાઓ ખાલી પડી હતી. તમામ જગ્યાઓ એક સાથે ભરી શકાય તેમ ના હોવાથી નવી નિમણૂક ના થાય ત્યાં સુધી હંગામી ધોરણે અગિયાર મહિનાના કરાર આધારિત કોન્ટ્રાક્ટ કરી નિમણૂકો શરૂ થઈ પછી કોઈએ સલાહ આપી કે સરકાર કામે રહેનારા યુવાન પાસે સીધો કોન્ટ્રાક્ટ કરે તેના બદલે કોઈ એજન્સી સાથે કોન્ટ્રાક્ટ કરે અને તે એજન્સી જરૂરી માણસો મોકલી આપે. આવું કરવાથી કામે રહેનાર વ્યક્તિને સરકારે કામે રાખેલો નહીં કહેવાય અને તે સરકાર પાસે કાયમી નોકરી કે પગાર પેન્શન નહીં માંગે. સરકારી નેતાઓએ લાબું વિચાર્યા વગર આ યોજના સ્વીકારી અને અમેરિકા કે યુરોપની જેમ ગુજરાતમાં આઉટ સોર્સિંગ શરૂ થયું. વળી અધિકારીઓને મસ્ત આઈડિયા આવ્યો સંસ્થાઓ ગમે તે એજન્સી પાસેથી કર્મચારીઓ નહીં મંગાવી શકે. સરકાર માન્ય એજન્સી પાસેથી જ માણસો મંગાવવા પડશે. હવે નેતાઓ અને અધિકારીઓનાં સગાવહાલાંઓ આવી એજન્સી ખોલી બેઠા છે. માલતદાર

રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

> **આ એજન્સીઓ આમાંથી અડધા ભાવે કર્મચારીઓને ચૂકવે છે અને દર મહિને લાખોના પગાર મળતા હોય તો આ એજન્સીઓ જ ઈચ્છે કે સરકાર કાયમી ભરતી ના કરે અને આ કોન્ટ્રાક્ટ પ્રથા જ ચાલુ રહે**

કચેરીથી માંડીને હોસ્પિટલો સુધી તમામ જગ્યાએ તેઓ માણસો મોકલે છે. સરકાર આ એજન્સીઓને પગાર ચૂકવે છે. આ એજન્સીઓ આમાંથી અડધા ભાવે કર્મચારીઓને ચૂકવે છે અને દર મહિને લાખોના પગાર મળતા હોય તો આ એજન્સીઓ જ ઈચ્છે કે સરકાર કાયમી ભરતી ના કરે અને આ કોન્ટ્રાક્ટ પ્રથા જ ચાલુ રહે. ગુજરાતનો યુવાન રાહ જોઈ રહ્યો છે કે ક્યારે સરકાર ભરતી બહાર પાડે અને ક્યારે હું નોકરીએ લાગું પણ, છેલ્લાં દસ વર્ષથી તો સરકારે મોટા પાયે કોઈ ભરતી કરી નથી. અમારા એક મિત્રને તો ભરતી માટેની પરીક્ષાના પેપર ફૂટે છે ત્યારે એ શંકા પણ જાય છે કે ક્યાંક આ આઉટ સોર્સિંગની એજન્સીવાળા તો આ પેપર નહીં ફોડાવતાં હોય? પરીક્ષા થાય નહીં અને ભરતી થાય નહીં.

આજે કોલેજોમાં, સ્કૂલોમાં વહીવટી સ્ટાફ નથી. સ્કૂલોમાં પ્રવાસી શિક્ષકની પણ ભરતી બંધ છે. ટેટ- ટાટની પરીક્ષાઓ પાસ કરીને બેઠેલાં હજારો યુવાનો રાહ જોઈને બેઠાં છે કે ક્યારે સરકાર ભરતી કરે. દેશભરમાં સ્વચ્છતા અભિયાન જોરશોરથી ચાલ્યું પણ સફાઈ કર્મચારીઓની તો ભરતી જ બંધ થઇ ગઈ. તમામ જાહેર જગ્યાઓમાં હવે સફાઈના કોન્ટ્રાક્ટ અપાય છે. એજન્સી માણસ મોકલે અને તે સફાઈ કરી જાય. આપણાં ઘર સોસાયટીમાં જે કચરો ઉઘરાવવા આવે છે તેના પણ કોન્ટ્રાક્ટ આપેલા છે. જે ખરેખર કચરો ઉઘરાવે છે. વાન પર બેસે છે તે તો મહિને દસ બાર હજારમાં કુટાય છે. ખરો માલ તો કોઈ સ્થાનિક નેતા કે તેનાં સગાંઓ જ ખાય છે. આ સ્થિતિ ગુજરાતનાં નાગરિકોએ સમજવી પડશે. સરકારને કહેવું પડશે કે ક્યાં સુધી આ યુવાનોને તડપાવશો? દર પાંચ વર્ષે ચૂંટણી આવે છે તેમ દર પાંચ વર્ષે તો ભરતી યોજો! વિધિની વક્રતા તો એ છે કે પાનના ગલ્લે કે બસમાં વક્ફ બોર્ડની ચર્ચા કરનારાના ઘરમાં આ જ યુવાનો કાં તો કોન્ટ્રાક્ટમાં શોષાય છે અથવા નોકરીની રાહમાં ઘરડાં થાય છે. ગુજરાત આટલું નિસ્બત વગરનું ક્યારેય ન હતું.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

હિમાલયના પહાડો પર પ્લાસ્ટિકનું વધતું પ્રદૂષણ અને તંત્રની નિષ્ક્રિયતા

હિમાલય, જેને આપણે પૃથ્વીનું સ્વર્ગ કહીએ છીએ, તે આજે પ્લાસ્ટિકના કચરાના ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ફેરવાઈ રહ્યો છે. પ્રવાસન ઉદ્યોગના વિકાસની સાથે સાથે પર્યાવરણના ભોગે આડેધડ બાંધકામ અને પ્લાસ્ટિકનો વપરાશ વધ્યો છે. લેખમાં જણાવ્યા મુજબ, સૌથી વધુ આઘાતજનક બાબત એ છે કે રાજ્યની નિયામક સંસ્થાઓ માત્ર નામની રહી ગઈ છે. પર્યાવરણ સુરક્ષા માટે કડક પગલાં લેવાને બદલે આ ઓફિસો માત્ર 'NOC' આપતી ઓફિસો બની ગઈ હોય તેવું લાગે છે. નદીઓના કિનારા હોય કે ઊંચા પહાડો, દરેક જગ્યાએ પ્લાસ્ટિકની બોટલો, ચિપ્સના પેકેટ અને નોન-બાયોડિગ્રેડેબલ કચરો જોવા મળે છે. જો નિયામક સંસ્થાઓ પર્યાવરણના કાયદાઓનું ચુસ્તપણે પાલન નહીં કરાવે, તો આવનારા સમયમાં આ પહાડી ક્ષેત્રોની કુદરતી સુંદરતા અને ઈકોસિસ્ટમ નાશ પામશે, જેની સીધી અસર આખા દેશના હવામાન પર પડશે. મુખ્ય ચિંતાના મુદ્દાઓઃ ૧. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ જેવી સંસ્થાઓની નબળી ભૂમિકા. ૨. પ્રવાસીઓ દ્વારા ફેલાવવામાં આવતી ગંદકી પર નિયંત્રણનો અભાવ. ૩. સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થાનો અભાવ. આ સમય જાગવાનો છે. જો પહાડોને બચાવવા હશે તો સરકારે માત્ર કાગળ પર નિયમો બનાવવાને બદલે તેનું અમલીકરણ કરાવવું પડશે અને જવાબદાર અધિકારીઓની જવાબદારી નક્કી કરવી પડશે. જનતાએ પણ પહાડો પ્રત્યે પોતાની નૈતિક જવાબદારી સમજવી જોઈએ.

સુરત - નેહા સિંગાપુરી

વિશ્વ પરિવાર દિવસ અને સંયુક્ત પરિવાર

વિશ્વના ઘણાં દેશોમાં વર્ષમાં એક દિવસ પરિવાર ભેગો થાય છે તે દિવસ એટલે 'વિશ્વ પરિવાર દિવસ' ૧૫મી મેના રોજ ઉજવવામાં આવે છે. ભારતમાં વર્ષો સુધી સંયુક્ત પરિવારો હતા. સુરતની શેરી મોહલ્લાના ઘરોમાં સંયુક્ત પરિવારમાં બે ચાર ભાઈનો પરિવાર વસવાટ કરતો હતો. સરેરાશ આઠથી દશ સંતાનો એક છત નીચે રહેતા હતા. દર વર્ષે અનાજ ઘરમાં વીણીને દિવેલ દઈ ઘરની મહિલાઓ જાતે ભરતી. ઉનાળામાં ગુંદા કેરીનું ખાટું મીઠું અથાણું, કેરીનો મુરબ્બો, છુંદો ઘરમાં જ બનતો.

ઘરમાં બે કમાવવાવાળા હોય અને બાર ખાવાવાળા હોય તો પણ આર્થિક સંકળામણનો અનુભવ થતો નહીં. સંયુક્ત પરિવારની સમૃદ્ધિ સામે આજની સમૃદ્ધિ વામણી લાગે! આજે ભૌતિકવાદમાં વધારો થયો છે અને સંયુક્ત પરિવારવાદમાં ઘટાડો થવા છતાં ભારતીય પરિવારના સભ્યોમાં 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના અંકબંધ રહે એવી શુભકામના.

સુરત - કિરીટ મેઘાવાલા

NEET પરીક્ષાના પુનરાવર્તિત ધબડકા

મેડિકલ અભ્યાસક્રમોના પ્રવેશ માટે લેવામાં આવતી NEET પરીક્ષાના છેલ્લા નવ વર્ષમાં ચાર વાર (હાલનાં બનાવ સમેત) પેપર ફૂટ્યાં. મેડિકલ અભ્યાસક્રમોના લાખો પ્રવેશ ઇચ્છુકોની મહેચ્છાઓ સાથે ગંભીર ખિલવાડ કરતા NEET પરીક્ષાના આ પુનરાવર્તિત ધબડકા એ પરીક્ષા વ્યવસ્થામાં પેધા પડેલ દુરાચારી સ્થાપિત હિતો અને તેમાં વ્યાપ્ત ગંભીર સડાનો નિર્દેશ કરે છે, જે દૂર કર્યા વિના પરીક્ષા પદ્ધતિને foolproof બનાવવી અશક્ય છે. બીજો મુદ્દો જવાબદેહીનો છે, જે વિના કોઈપણ સંસ્થાને મજબૂત બનાવી શકાય નહીં. આ માટે NEET પરીક્ષા લેનારી સંસ્થા (NTA) ના ડિરેક્ટર જનરલનું તાત્કાલિક રાજીનામું લેવાવું જોઈએ અને સૌથી અગત્યની વાત, આ પ્રકારની સંસ્થાઓના સર્વોચ્ચ પદો પર જે નિમણૂકો થાય છે તેમાં જે તે વ્યક્તિની શૈક્ષણિક લાયકાત અને અન્ય ગુણવત્તાના ધોરણો જ પસંદગીનો મુખ્ય આધાર બનવા જોઈએ, નહીં કે કોઈ વિચારધારા પ્રત્યેની તેની સમર્પિતતા.

નવસારી - કમલેશ આર મોદી

હવે આવું કેમ ન બની શકે?

હાલમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાગરિકોને પેટ્રોલ વપરાશ પર કરકસર કરવા મેટ્રો વાપરવા, વિદેશ પ્રવાસ પર નિયંત્રણ રાખવા અને એક વર્ષ સોનું ન ખરીદવા સૂચન કર્યુ છે. મારા કેટલા સૂચનો આ મુજબ છે. હકીકતમાં નાગરિકોએ અનિવાર્ય હોય તે સિવાયના વિદેશી બ્રાન્ડના ઉત્પાદનો ખરીદવા ન જોઈએ. ખાણીપીણીના ક્ષેત્રમાં જ જો નીતિ આયોગ વિદેશી કંપનીઓના દેશી ફ્રેન્ચાઈઝી ધારકો બંધ કરાવવા સરકારને ભલામણ કરશે તો રૂપિયો મજબૂત થશે. મેટ્રોના ઉપયોગને આકર્ષવા દશ ફૂટ પહોળાઈની ફૂટપાયો અને રસ્તો ઓળંગવા ખંડરપાસ હોવા જોઈએ. ચાલવાનું મન થાય તેવી સજાવટો કે વૃક્ષ વેલીઓ રસ્તાની બંને બાજુ હોવી જોઈએ. ફૂટપાથ વિનાના રસ્તાઓ પણ નાના મોટા વાહન અકસ્માતોનું કારણ છે. પેટ્રોલ ડીઝલ પર આધાર ઘટાડવા થોરિયમ-યુરેનિયમ આધારિત ઉર્જા ઉત્પન્ન કરવી જરૂરી છે. પાંચ લાખ જેટલા ભારતીયો વિયેતનામ ગયા. જ્યારે માત્ર ચાળીસ હજાર વિયેતનામીઓ ભારતના પ્રવાસે આવ્યા. ભારતીયો તુર્કીના પ્રવાસે જાય છે, પ્રવાસ કરારોથી સ્થાનિક પ્રવાસ ઉધ્યોગ પર વિપરીત અસર થાય છે. વિદેશ પ્રવાસ વિદ્યાપ્રાપ્તિ, ધર્મના પ્રચાર કે વેપાર માટે હોવો જોઈએ. ભારતે ડૉ. વી. વી. કુરિયન કે એપીજે કલામને દેશના બજેટમાંથી વિદેશ મોકલી ક્રાંતિ કરી. હવે આવું કેમ ન બની શકે?

અમદાવાદ - કુમારેશ ત્રિવેદી

ઓડિશાના દરિયાકાંઠે પ્લાસ્ટિકનું પ્રદૂષણ

ઓડિશાનો દરિયાકાંઠો વિશ્વભરમાં 'ઓલિવ રિડલી' કાચબાના સૌથી મોટા પ્રજનન સ્થળ તરીકે પ્રખ્યાત છે. દર વર્ષે લાખો કાચબા હજારો માઇલનું અંતર કાપીને અહીં ઈંડા મૂકવા આવે છે. પરંતુ, તાજેતરના અહેવાલો મુજબ, માનવસર્જિત પ્લાસ્ટિકનો કચરો આ પ્રાચીન કુદરતી પ્રક્રિયા અને સમગ્ર દરિયાઈ જીવસૃષ્ટિ માટે વિનાશક સાબિત થઈ રહ્યો છે. પર્યાવરણ અને ઈકોલોજી સાયકલ પર થતી અસરોઃ બચ્ચાં માટે જીવલેણ અવરોધઃ ઈંડામાંથી બહાર નીકળતા બચ્ચાં માટે સમુદ્ર સુધીની સફર સૌથી મહત્ત્વની હોય છે. રેતીમાં ફસાયેલું પ્લાસ્ટિક અને બોટલો આ નાના જીવો માટે અભેદ્ય કિલ્લા સમાન અવરોધ બને છે, જે તેમને થકવી નાખે છે અથવા શિકારીઓનો ભોગ બનાવે છે. આહાર શ્રૃંખલા માં વિક્ષેપઃ કાચબાઓ જેલીફિશ ખાઈને તેમની સંખ્યા નિયંત્રિત રાખે છે. જો કાચબા ઘટશે, તો જેલીફિશ વધશે જે નાની માછલીઓના ઈંડા ખાઈ જશે. આનાથી અંતે માછીમારી અને માનવ આહાર સાંકળ પર અસર પડશે. માઈક્રોપ્લાસ્ટિકનું ઝેરી ચક્રઃ પ્લાસ્ટિકના અતિ સૂક્ષ્મ કણો માછલીઓ દ્વારા મનુષ્યોના શરીરમાં પ્રવેશે છે, જે ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ સર્જે છે. જો આપણે આજે કુદરતના આ સંકેતોને અવગણીશું, તો ઈકોલોજી સાયકલ તૂટી જશે અને તેની કિંમત સમગ્ર માનવજાતે ચૂકવવી પડશે. કુદરતનું રક્ષણ એ જ આપણું સાચું અસ્તિત્વ છે.

સુરત - ડૉ . પંકજ જે. ગાંધી